અગત્યનું

ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૧૯/471-505

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૪/૦૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- માન. વડાપ્રધાનશ્રીના તા.૨૯/૦૧/૨૦૧૯ના રોજ આયોજિત "Pariksha Pe Charcha 2.0" કાર્યક્રમ બાબત.

સંદર્ભ:- ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ SSAના પત્રક્રમાંક:-SSA/MIS/૨૦૧૯/૩૦૩૮-૩૧૫૬, તા.૨૨/૦૧/૨૦૧૯.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે SSA કચેરીના સંદર્ભ દર્શિત પત્રથી આપને જણાવેલ છે કે તા.૨૯ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ માન. વડાપ્રધાનશ્રી "Pariksha Pe Charcha 2.0" કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓ સાથે વાર્તાલાપ કરનાર છે.

માન.વડાપ્રધાનશ્રીના તા.૨૯ જાન્યુઆરી, ૨૦૧૯નાં રોજ સવારના ૧૧:૦૦ થી ૧:૦૦ સુધી "Pariksha Pe Charcha" 2.0 'કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓને સંબોધી વક્તવ્ય આપી વાર્તાલાપ કરનાર હોઈ સદર કાર્યક્રમનો લાભ વિદ્યાર્થીઓને મળે તે માટે નીચે મુજબના વિવિધ માધ્યમથી કાર્યક્રમ નિહાળવા માટેની સુવિધા કરવામાં આવેલ છે.

૧. દુરદર્શન (DD NATIONAL, DD NEWS, DD INDIA ) પરથી જીવંત પ્રસારણ
૨. વેબકાસ્ટ (માન. વડાપ્રધાનશ્રી કાર્યાલય, દુરદર્શન, MHRD વેબસાઈટ MY GOV.IN-YOUTUBE CHANNEL OF MHRD)
3. EDUSAT ધ્વારા ટી.વી. પ્રસારણ
૪. રેડિયો (ALL INDIA RADEIO MEDIUM WAVE, ALL INDIA FM CHANNEL) પરથી જીવંત પ્રસારણ.

રાજ્યની લગભગ તમામ શાળાઓ ટી.વી, કે.યુ. બેન્ડ ડીશ એન્ટેના તેમજ વિજળીકરણથી સુસજ્જ છે. જેથી તમામ શાળાઓ માન. વડાપ્રધાનશ્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળે તે સુનિશ્ચિત કરવા ટી.વી અને અન્ય ઉપકરણોની ઉપલબ્ધતા ચકાસી જરૂરી વ્યવસ્થા કરવાની રહે છે.

આપના જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના તમામ વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમ નિહાળવામાં આવે તે માટે આયોજન કરવા આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

વિશેષમાં સંદર્ભ દર્શિત પત્રથી જણાવ્યા અનુસાર તા.૨૯/૦૧/૨૦૧૯ના રોજ આ કાર્યક્રમના પ્રસારણનો લાભ લીધેલ વિદ્યાર્થીઓની વિગતો તા.૨૯/૦૧/૨૦૧૯ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધી SSAને મોકલી આપવાની રહેશે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

D:\TEJAS\SNEHALBEN\માન. વડાપ્રધાનશ્રીના તા..docx